કોમોડિટી ઓપ્શન્સ

માર્ગદર્શિકા

MCX
METAL & ENERGY
Trade with Trust

MCX INVESTOR (CLIENT) PROTECTION FUND

શું તમે જાણો છો?

ઓપ્શન્સ...

- તે ભાવની વધઘટ માટે વીમો ઊતરાવવા સમાન છે અને તેથી હેજરો માટે અત્યંત અનુકૂળ છે.
- તેને એકવારની ફી/પ્રીમિયમ ચૂકવીને ખરીદી શકાય છે
- તેના ખરીદદારો પાસે કોઈપણ દૈનિક માર્જિન કોલ્સ નથી
- તેના ખરીદનારનું મહત્તમ જોખમ ચૂકવેલા પ્રીમિયમ સુધી સીમિત છે.
- તેના ખરીદદારો અંડરલાઈંગમાં ભાવની કોઈ અનુકૂળ વધઘટનો લાભ લઈ શકે છે

This booklet is not intended as professional counsel or investment advice, and is not to be used as such. While the exchange has made every effort to assure the accuracy, correctness and reliability of the information contained herein, any affirmation of fact in the booklet shall not create an express or implied warranty that it is correct. This booklet is made available on the condition that errors or omissions shall not be made the basis for any claims, demands or cause of action. MCX shall also not be liable for any damage or loss of any kind, howsoever caused as a result (direct or indirect) of the use of the information or data in this booklet .

કોમોડિટીના વાયદા અને ઓપ્શન્સમાં કામકાજ કરતાં પહેલાં તેમાં રહેલા જોખમ ડિસ્ક્લોઝર ડોક્યુમેન્ટ વાંચી જવા.

ઓપ્શન્સની સમજૂતી

ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ્સ શું છે?

ઓપ્શન્સ એ ડેરિવેટિવ્ઝ ઈન્સ્ટ્રુમેન્ટ્સ છે, જે ખરીદનારને ચોક્કસ તારીખે અથવા તે પહેલાં એક ચોક્કસ ભાવે અંતર્ગત અસ્કયામત (અંડરલાઈંગ એસેટ) / ઈન્સ્ટ્રુમેન્ટને ખરીદવા અથવા વેચવા માટેનો અધિકાર આપે છે, પરંતુ જવાબદારી આપતું નથી.

ઓપ્શન્સ માટે અંડરલાઈંગ તરીકે શું હોઈ શકે છે?

ઓપ્શન કોન્ટ્રેક્ટ માટે અંડરલાઈંગ ઈક્વિટી, કોમોડિટી, વિદેશી વિનિમય, વાયદા કોન્ટ્રેક્ટ્સ, વ્યાજના દરો, રીઅલ એસ્ટેટ અથવા અન્ય કોઈ એસેટ / ઈન્સ્ટ્રુમેન્ટ હોઈ શકે છે. ઉદાહરણ તરીકે, સોનાનો વાયદા કોન્ટ્રેક્ટ સોનાના ઓપ્શન કોન્ટ્રેક્ટ માટે અંતર્ગત હોઈ શકે છે.

ઓપ્શન્સની ખાસ વિશેષતાઓ કઈ છે?

- ઓપ્શન્સ ખરીદનારને અંડરલાઈંગની ખરીદી કે વેચાણ કરવાનો અધિકાર આપે છે, પરંતુ જવાબદારી આપતું નથી.
- તે અંડરલાઈંગ માટે ભવિષ્યમાં ખરીદી કે વેચાણના ભાવને બાંધી લેવા (લોક કરવા)ની પરવાનગી આપે છે.
- ઓપ્શન્સ એક્સચેન્જ ટ્રેડેડ અથવા ઓવર-ધ-કાઉન્ટર (ઓટીસી) હોઈ શકે છે.



ઓપ્શન્સની સમજૂતી

ધારો કે મેથ્યુને એક મહિના પછી અબ્દુલ પાસેથી કોમોડિટી ખરીદવાની ઈચ્છા છે, પરંતુ આજે તે ભાવ બાંધી દેવા માગે છે. વાટાઘાટ બાદ, મેથ્યુ અબ્દુલ સાથે 'ઓપ્શન'નો કરાર કરે છે, જે તેને એક મહિનાના અંતે ₹10 લાખની કોમોડિટી ખરીદવાનો અધિકાર આપે છે. આ ઓપ્શનનો અમલ કરવા માટે, મેથ્યુ અબ્દુલને ₹10,000ની એક નોમિનલ રકમ ચૂકવે છે. એક મહિના પછી, બે પરિસ્થિતિઓમાંથી એક પરિસ્થિતિ ઊભી થઈ શકે છે:

૧. કોમોડિટીના ભાવ વધે છે

કોમોડિટીનો પ્રવર્તમાન ભાવ ઊંચો છે, મેથ્યુ અબ્દુલ સાથે ₹10 લાખના સહમત ભાવે કોમોડિટી ખરીદવાના તેના 'ઓપ્શન'નો ઉપયોગ કરવાનું પસંદ કરે છે.

૨. કોમોડિટીના ભાવ ઘટે છે

ભાવમાં ઘટાડો થયો હોવાથી મેથ્યુને માટે કરાર બહાર કોમોડિટી ખરીદવાનું ફાયદાકારક છે અને તેથી તે 'ઓપ્શન' કરારનો ઉપયોગ કરશે નહીં અને બહારથી કોમોડિટી ખરીદશે. આ પરિદૃશ્યમાં મેથ્યુને મહત્તમ નુકસાન ₹10,000નું થશે, જે તેણે 'ઓપ્શન' કરાર કરતી વખતે અબ્દુલને ચૂકવ્યા હતા.

નોંધઃ મેથ્યુને કોમોડિટી અબ્દુલ પાસેથી ખરીદવાનો અધિકાર છે, પરંતુ જવાબદારી રહેતી નથી, જ્યારે બીજી તરફ મેથ્યુ જો તેના ઓપ્શનનો ઉપયોગ કરે તો અબ્દુલ કોમોડિટી વેચવા માટે જવાબદાર છે.

હું થોડી રકમ (ઓપ્શન પ્રીમિયમ) લઈને એક મહિનાના અંત (સમાપ્તિ તારીખ) સુધીમાં ₹10 લાખ (સ્ટ્રાઈક પ્રાઈસ)ની કોમોડિટી ખરીદવા માટે ઓપ્શન (કોલ ઓપ્શન) આપી શકું છું.

અબ્દુલ



મેથ્યુ

જો તું મને આ ઓપ્શન કરવા દેશે તો હું તને ₹10,000/- (ઓપ્શન પ્રીમિયમ) આપીશ



બાય (ખરીદી)/લોંગ એ કોમોડિટી ઓપ્શન્સ કોન્ટ્રેક્ટની ખરીદી છે. જે વ્યક્તિ ઓપ્શન ખરીદે છે, તેને ઓપ્શનના ખરીદનાર/ધારક કહે છે.

છેલ્લો દિવસ, જ્યાં સુધી ઓપ્શન કોન્ટ્રેક્ટ માન્ય છે.

સ્ટ્રાઈક પ્રાઈસ એ ભાવ છે, જે ભાવે અંતર્ગત (કોમોડિટી વાયદા કોન્ટ્રેક્ટ) ખરીદી કે વેચી શકાય છે.

પ્રીમિયમ એ ઓપ્શનના ખરીદનાર, ઓપ્શન કોન્ટ્રેક્ટ ખરીદવા માટે, ઓપ્શનના વેચનારને ચૂકવે છે તે ભાવ છે.



સેલ (વેચાણ)/શોર્ટ એ કોમોડિટી ઓપ્શન્સ કોન્ટ્રેક્ટનું વેચાણ છે. જે વ્યક્તિ ઓપ્શન વેચે છે, તેને ઓપ્શન રાઈટર/વેચનાર કહે છે.

ઓપન ઈન્ટરેસ્ટ: કોઈપણ ચોક્કસ સમયે પ્રવર્તમાન ઓપન અથવા આઉટસ્ટેન્ડિંગ (જે બંધ કરાયા નથી કે ડિલિવર કરાયા નથી) ઓપ્શન્સ કોન્ટ્રેક્ટની કુલ સંખ્યા.

એક્સરસાઈઝ: અંતર્ગતની ડિલિવરી/ ડિલિવરી લેવા માટે ઓપ્શનના ખરીદનારનો નિર્ણય. માત્ર ખરીદનારને ઓપ્શનનો ઉપયોગ (એક્સરસાઈઝ) કરવાનો અધિકાર છે.

સોંપણી: જ્યારે ઓપ્શન ધારક ઓપ્શનનો ઉપયોગ કરે છે, ત્યારે વેચનાર, જે સ્ટ્રાઈક પ્રાઈસ પર અંતર્ગતની ખરીદી/વેચવા માટે જવાબદાર છે, તે સોંપણી કરે છે.

ઓપ્શન્સને કેવી રીતે વર્ગીકૃત કરશો

એ. ઓપ્શન ધારકના અધિકાર પર આધારિત

કોલ ઓપ્શન



કોલ ઓપ્શન, ઓપ્શનના ખરીદનાર (ધારક)ને ઓપ્શનની સમાપ્તિની તારીખે અથવા તે પહેલાં પૂર્વનિર્ધારિત ભાવે અંતર્ગત (દા.ત. કોમોડિટી વાયદા કોન્ટ્રેક્ટ) ખરીદવાનો અધિકાર આપે છે.

ઉદાહરણઃ **કોલ ઓપ્શનની ખરીદી – વધતા ભાવના જોખમ સામે હેજ**

- એક ઝવેરી 25 ઓક્ટોબરના રોજ એમસીએક્સ સોનાનો કોલ 'વાયદા પર ઓપ્શન' ખરીદે છે.
- અંતર્ગત (અંડરલાઇંગ)ઃ એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદા કોન્ટ્રેક્ટ
- ઓપ્શનની સમાપ્તિ તારીખઃ 28 નવેમ્બર
- સ્ટ્રાઇક પ્રાઇસઃ ₹30,000
- ઓપ્શન કોન્ટ્રેક્ટઃ ઓપ્શનની સમાપ્તિ પર અંડરલાઇંગ એમસીએક્સ સોનાનો વાયદો ₹30,000ના ભાવે ખરીદવાનો અધિકાર

આ અધિકારનો ઉપયોગ ક્યારે મૂલ્યવાન બને?

- જ્યારે અંતર્ગત સોનાના વાયદાના ભાવ ઓપ્શનની સમાપ્તિ પર ₹30,000થી ઉપર છે.
- જો સોનાના વાયદાનો ભાવ ઓપ્શનની સમાપ્તિ પર ₹30,000ની નીચે જાય, તો કોલ ઓપ્શનના ખરીદનાર ઓપ્શનનો ઉપયોગ (એક્સરસાઇઝ) નહીં કરે, કારણ કે તે અંતર્ગત સોનાનો વાયદા કોન્ટ્રેક્ટ ખરીદવા માટે જવાબદાર નથી.

ઓપ્શન્સને કેવી રીતે વર્ગીકૃત કરશો

એ. ઓપ્શન ધારકના અધિકાર પર આધારિત

પુટ ઓપ્શન

પુટ ઓપ્શન, ઓપ્શનના ખરીદનાર (ધારક)ને ઓપ્શનની સમાપ્તિની તારીખે અથવા તે પહેલાં નિયત ભાવે અંતર્ગત (દા.ત. કોમોડિટી વાયદા કોન્ટ્રેક્ટ) વેચવાનો અધિકાર આપે છે.

ઉદાહરણઃ **પુટ ઓપ્શનની ખરીદી – ઘટતા ભાવના જોખમ સામે હેજ**

- એક ખેડૂત 25 ઓક્ટોબરના રોજ એમસીએક્સ કોટનનો પુટ 'વાયદા પર ઓપ્શન' ખરીદે છે.
- અંતર્ગત (અંડરલાઇંગ): એમસીએક્સ કોટન નવેમ્બર વાયદા કોન્ટ્રેક્ટ
- ઓપ્શનની સમાપ્તિ તારીખ: 21 નવેમ્બર
- સ્ટ્રાઇક પ્રાઇસ: ₹20,000
- ઓપ્શન કોન્ટ્રેક્ટઃ ઓપ્શનની સમાપ્તિ પર અંડરલાઇંગ એમસીએક્સ કોટનનો વાયદો ₹20,000ના ભાવે વેચવાનો અધિકાર



આ અધિકારનો ઉપયોગ ક્યારે મૂલ્યવાન બને?

- જ્યારે અંતર્ગત કોટનના વાયદાના ભાવ ₹20,000થી નીચે જાય છે.
- જો કોટનના વાયદાનો ભાવ ₹20,000ની ઉપર જાય, તો પુટ ઓપ્શનના ખરીદનાર અંડરલાઇંગ વેચવા માટે જવાબદાર નથી અને તે ઓપ્શનનો ઉપયોગ (એક્સરસાઇઝ) નહીં કરે.

બી. એક્સરસાઈઝના આધારે

- **અમેરિકનઃ** અમેરિકન પ્રકારના ઓપ્શન કોન્ટ્રેક્ટમાં, ઓપ્શનના ખરીદનાર, ઓપ્શન કોન્ટ્રેક્ટની ખરીદીની તારીખ અને સમાપ્તિ તારીખ વચ્ચે કોઈપણ સમયે તેના ઓપ્શનની એક્સરસાઈઝ કરી શકે છે.

  તે રોકાણકારને વધુ પડતી લવચિકતા આપતું હોવાથી, ઘણી વખત તેનું પ્રીમિયમ યુરોપિયન પ્રકારના ઓપ્શનની સરખામણીમાં વધારે હોઈ શકે છે.

- **યુરોપિયનઃ** યુરોપિયન પ્રકારના ઓપ્શન કોન્ટ્રેક્ટમાં, ઓપ્શનના ખરીદનાર માત્ર કોન્ટ્રેક્ટની સમાપ્તિની તારીખે જ તેના ઓપ્શનની એક્સરસાઈઝ કરી શકે છે.

  તે અમેરિકન પ્રકારના ઓપ્શનની જેમ રોકાણકારને સમાન સ્તરની લવચિકતા પૂરી પાડતું નથી.

સેબીના તા.13 જૂન, 2017ના **કોમોડિટી વાયદા પર ઓપ્શન્સ- પ્રોડક્ટ ડિઝાઈન અને જોખમ સંચાલન ફ્રેમવર્ક** પરના પરિપત્ર મુજબ કોમોડિટી ઓપ્શન્સ યુરોપિયન પ્રકારથી શરૂ કરવામાં આવશે.

ઓપ્શન માર્કેટના સહભાગીઓ અને તેમની ચૂકવણીઓ (પે-ઑફ)

સહભાગી	નફો (વધવાની ક્ષમતા)	ખોટ (ઘટવાની ક્ષમતા)
કોલ ધારક/ ખરીદનાર	અમર્યાદિત (સ્ટ્રાઇક પ્રાઇસ કરતાં ભાવમાં વધારા જેટલું)	મર્યાદિત (ચૂકવેલા પ્રીમિયમ જેટલું)
પુટ ધારક/ ખરીદનાર	પ્રત્યક્ષ રીતે અમર્યાદિત (અંડરલાઇંગનો ભાવ શૂન્ય થાય ત્યાં સુધી)	મર્યાદિત (ચૂકવેલા પ્રીમિયમ જેટલું)
કોલ રાઇટર/ વેચનાર	મર્યાદિત (પ્રાપ્ત પ્રીમિયમ જેટલું)	અમર્યાદિત (ભાવમાં સ્ટ્રાઇક પ્રાઇસથી વધુ વૃદ્ધિ સુધી)
પુટ રાઇટર/ વેચનાર	મર્યાદિત (પ્રાપ્ત પ્રીમિયમ જેટલું)	પ્રત્યક્ષ રીતે અમર્યાદિત (અંતર્ગતનો ભાવ શૂન્ય થાય ત્યાં સુધી)

ઓપ્શન ધારક, કે જે મર્યાદિત જોખમ (ઓપ્શન પ્રીમિયમનું નુકસાન) ધરાવે છે, પરંતુ પ્રત્યક્ષ રીતે સંભવિત લાભો અમર્યાદિત ધરાવે છે, જેનાથી વિપરીત **ઓપ્શન રાઇટરને** મર્યાદિત લાભો (ઓપ્શન પ્રીમિયમ જેટલા) સાથે પ્રત્યક્ષ રીતે અમર્યાદિત જોખમ રહે છે.

ઓપ્શન્સનો ઉપયોગ શા માટે?

હેજિંગ: ઓપ્શન તેના ધારકને કોઈ જવાબદારી વગર અંતર્ગતના ભાવને 'લોક-ઈન' કરવા માટે (બાંધી લેવાની) પરવાનગી આપે છે અને તેથી ભાવમાં બિનતરફેણકારી વધઘટના જોખમને ટાળી શકાય છે.

તે વીમા પૉલિસીની માફક કાર્ય કરે છે અને પ્રીમિયમની ચુકવણી દ્વારા પ્રતિકૂળ ભાવ વધઘટ સામે સુરક્ષા મેળવવા તેનો ઉપયોગ કરી શકાય છે.

ખેડૂત ઓપ્શન ખરીદીને ભાવમાં સંભવિત ઘટાડા સામે રક્ષણ મેળવી શકે છે, એટલે કે 'પુટ ઓપ્શન' કોન્ટ્રેક્ટ. ઓપ્શન ખેડૂતને તેની ઊપજને પૂર્વનિર્ધારિત ભાવે વેચવાનો અધિકાર આપે છે, પરંતુ જવાબદારી આપતું નથી.

કોટનને એક ગાંસડીદીઠ ₹18,000ના ભાવે વેચવા માટે કોટનનો પુટ ઓપ્શન ખરીદીને હું મારા કોટનનો ગાંસડીદીઠ ઓછામાં ઓછો ₹18,000નો ભાવ મેળવી શકું છું.



ઓપ્શન્સનો ઉપયોગ શા માટે?

રોકાણઃ રોકાણકાર અંડરલાઈંગના ભાવમાં વધઘટની ધારણા દ્વારા ઓપ્શન ટ્રેડમાં દાખલ થાય છે. ઓપ્શન લીવરેજનો સ્રોત પૂરો પાડે છે, કારણ કે તે વાસ્તવિક અંતર્ગતની સરખામણીમાં ખરીદવા માટે સસ્તા છે.

ઓપ્શન ખરીદવા માટે ચૂકવવામાં આવતા એક વખતના અપફ્રન્ટ ભાવથી ખરીદનાર અગાઉથી તેના સંભવિત નુકસાનને માપવામાં મદદરૂપ બને છે.



વાયદાથી ઓપ્શન્સ કઈ રીતે ભિન્ન છે?

વાયદા કોન્ટ્રેક્ટ	Vs	ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ્સ
વ્યાખ્યા		
ભવિષ્યમાં ચોક્કસ તારીખે અને ચોક્કસ ભાવે અંડરલાઈંગને ખરીદવા અથવા વેચવા માટેનો એક કરાર.		એક કરાર, જે અંડરલાઈંગને ચોક્કસ તારીખે અથવા તે પહેલાં ચોક્કસ ભાવે ખરીદવા અથવા વેચવાનો અધિકાર આપે છે, પરંતુ જવાબદારી આપતું નથી.
જવાબદારી		
ખરીદનાર અને વેચનાર બંને કોન્ટ્રેક્ટની સમાપ્તિ પર કોન્ટ્રેક્ટ માટે જવાબદાર છે.		માત્ર વેચનાર જ કોન્ટ્રેક્ટની સમાપ્તિ પર જવાબદાર છે.
માર્જિન એકાઉન્ટ		
બંને પક્ષોએ માર્જિન જાળવવાની જરૂર પડે છે.		માત્ર ઓપ્શનના રાઈટરે માર્જિન જાળવવાનું રહે છે.
આગોતરી ચુકવણી/ કોન્ટ્રેક્ટનો ભાવ		
નથી, સિવાય કે પ્રારંભિક માર્જિન.		ખરીદનાર પાસેથી નિશ્ચિત અપફ્રન્ટ પ્રીમિયમની જરૂર રહે છે.
જોખમો		
ખરીદનાર અને વેચનાર બંનેને અમર્યાદિત જોખમ.		ઓપ્શનના ખરીદનારને મર્યાદિત જોખમ; ઓપ્શન રાઈટરને અમર્યાદિત જોખમ.

ઓપ્શન્સ ટ્રેડિંગમાં 'મની-નેસ' શું છે?

મનીનેસ ઓપ્શનનો ઉપયોગ નફો કરાવશે કે નહીં તે ઓપ્શનના ખરીદનારને જણાવે છે.

ઈન-ધ-મની (આઈટીએમ): (નફો)

કોલ ઓપ્શન - અંડરલાઈંગ ભાવ સ્ટ્રાઈક પ્રાઈસ કરતાં ઊંચા છે.

પુટ ઓપ્શન - અંડરલાઈંગ ભાવ સ્ટ્રાઈક પ્રાઈસ કરતાં નીચા છે.

આઉટ ઓફ ધ મની (ઓટીએમ): (નુકસાન)

કોલ ઓપ્શન - અંડરલાઈંગ ભાવ સ્ટ્રાઈક પ્રાઈસ કરતાં નીચા છે.

પુટ ઓપ્શન - અંડરલાઈંગ ભાવ સ્ટ્રાઈક પ્રાઈસ કરતાં ઊંચા છે.

એટ ધ મની (એટીએમ): (નહીં નફો-નહીં નુકસાન)

અંતર્ગત ભાવ સ્ટ્રાઈક પ્રાઈસની સમકક્ષ છે. સેબીની માર્ગદર્શિકા મુજબ, જે કોમોડિટી ઓપ્શન શ્રેણી અંતર્ગત કોમોડિટી વાયદાના દૈનિક પતાવટના ભાવ (ડીએસપી)ની નજીકની સ્ટ્રાઈક પ્રાઈસ ધરાવતી હોય તેને એટીએમ ઓપ્શન શ્રેણી કહે છે.

ક્લોઝ ટુ ધ મની (સીટીએમ)

સેબીની માર્ગદર્શિકા મુજબ એટીએમ ઓપ્શન શ્રેણીમાં, 2 ઓપ્શન શ્રેણી સાથે એટીએમની તુરંત ઉપર અને નીચેની સ્ટ્રાઈક પ્રાઈસ હોય તો તે 'ક્લોઝ ટુ ધ મની' (સીટીએમ) ઓપ્શન શ્રેણી છે.

જો ડીએસપી 2 સ્ટ્રાઈક પ્રાઈસની વચ્ચેનો છે, તો તત્કાલની 2 ઓપ્શન શ્રેણીઓ, જે ડીએસપીથી ઉપરની સ્ટ્રાઈક પ્રાઈસ ધરાવતી હોય અને તત્કાલની બે ઓપ્શન શ્રેણીઓ, જે ડીએસપીથી નીચેની સ્ટ્રાઈક પ્રાઈસ ધરાવતી હોય તે સીટીએમ શ્રેણીઓ છે.

ઓપ્શન્સના ભાવ કેવી રીતે નક્કી થાય છે?

વાયદા પર ઓપ્શન્સના ભાવ કેવી રીતે નક્કી થાય છે?

ઓપ્શન્સના ભાવ વિવિધ મોડેલોનો ઉપયોગ કરીને નક્કી કરવામાં આવે છે. વાયદા પર કોમોડિટીના ઓપ્શનના ભાવ માટે સૌથી લોકપ્રિય મોડેલ બ્લેક-76 મોડેલ છે.

બ્લેક-76 મોડેલ દર્શાવે છે કે:

$$\text{કોલ} = e^{-rt}\,[F*N(d1) - K*N(d2)]$$

$$\text{પુટ} = e^{-rt}\,[K*N(-d2) - F*N(-d1)]$$

$$d1 = \frac{\ln\left(\frac{F}{K}\right) + \left(\frac{\sigma^2}{2}\right)t}{\sigma\sqrt{t}} \qquad d2 = d1 - \sigma\sqrt{t}$$

કે જ્યાં,

F = અંતર્ગત વાયદાના પ્રવર્તમાન ભાવ

K = ઓપ્શનના સ્ટ્રાઈક પ્રાઈસ

t = ઓપ્શનની સમાપ્તિ સુધીનો સમય (વર્ષમાં)

r = જોખમ મુક્ત વ્યાજ દર

σ = અંતર્ગત વાયદા કોન્ટ્રેક્ટની ચંચળતા

N(.)=પ્રમાણભૂત સામાન્ય એકત્રિત વિભાજન કાર્ય

ઓપ્શન્સના ભાવોમાં બે ઘટકો છેઃ

<u>આંતરિક (ઈન્ટ્રિન્સીક) મૂલ્યઃ</u>

તે ઓપ્શન પ્રીમિયમનો ઈન-ધ મની ભાગ છે. કોલ ઓપ્શન માટે, તે સ્ટ્રાઈક પ્રાઈસ કરતાં અંતર્ગત વાયદાના ભાવો વધુ હોય છે અને પુટ ઓપ્શન માટે, તે અંતર્ગત વાયદાના ભાવો કરતાં સ્ટ્રાઈક પ્રાઈસ વધુ હોય છે.

<u>સમય મૂલ્યઃ</u>

તે ઓપ્શન પ્રીમિયમ અને ઓપ્શનના આંતરિક મૂલ્ય વચ્ચેનો તફાવત છે.

ઓપ્શન્સના ભાવોને અસરકરતાં પરિબળો (બ્લેક-૭૬ મોડેલ)

પરિબળો	વધારો		ઘટાડો	
	કોલ પ્રાઈસ રહેશે	પુટ પ્રાઈસ રહેશે	કોલ પ્રાઈસ રહેશે	પુટ પ્રાઈસ રહેશે
અંતર્ગત ભાવ	↑	↓	↓	↑
સમાપ્તિ સુધીનો સમય	↑	↑	↓	↓
ચંચળતા	↑	↑	↓	↓
વ્યાજના દરો	↓	↓	↑	↑
સ્ટાઈક પ્રાઈસ	↓	↑	↑	↓



અંતર્ગત કોમોડિટી વાયદાના ભાવોને અસરકરતા પરિબળો

અંતર્ગતના ભાવો જેમ કે કોમોડિટી વાયદા, કેટલાંક પરિબળોથી પ્રભાવિત હોય છે. આમાંના કેટલાંક પરિબળો નીચે મુજબ છેઃ

- કોમોડિટીની મોસમ
- માગ-પુરવઠા સંતુલન
- વૈશ્વિક પરિબળો
- પૉલીસીમાં દરમિયાનગીરી
- વૈશ્વિક ડેટા રિલીઝ, જેમ કે
  - અમેરિકી ફેડરલ રિઝર્વ દ્વારા દરમાં ફેરફારો
  - અમેરિકાના રોજગારી અહેવાલો
  - ચીનનો વિકાસદર
  - તેલ અને ગેસ ઈન્વેન્ટરીના સ્તરો વગેરે

ગ્રીક્સ શું છે?

ગ્રીક્સ

ગ્રીક્સ મુખ્યત્વે ચાર પરિબળોમાં ઓપ્શનના ભાવોની સંવેદનશીલતાને માપે છેઃ

1) અંડરલાઇંગ (વાયદા કોન્ટ્રેક્ટ)ના ભાવોમાં ફેરફાર, જેને સામાન્ય રીતે **ડેલ્ટા** (δ) તરીકે પણ ઓળખાય છે.
2) સમયગાળામાં ફેરફારને સામાન્ય રીતે **થિટા** (θ) તરીકે પણ ઓળખવામાં આવે છે.
3) ચંચળતામાં ફેરફારને સામાન્ય રીતે **વેગા** (ν) તરીકે પણ ઓળખવામાં આવે છે.
4) વ્યાજદરમાં ફેરફારને સામાન્ય રીતે **રો** (ρ) તરીકે પણ ઓળખવામાં આવે છે.

અંતર્ગત અસ્કયામતના ભાવમાં ફેરફાર કરવા માટે ડેલ્ટાની સંવેદનશીલતાને **ગામા** (γ) તરીકે ઓળખવામાં આવે છે.



કોલ ઓપ્શન્સ

સોનલ આગામી બે મહિનામાં સોનાના ભાવ વધવાની અપેક્ષા રાખે છે.

સંભવિત ભાવવધારાના જોખમ સામે હેજિંગ કરવા માટે, તેણી માલતી પાસેથી 3 મહિનાની સમાપ્તિના સોનાના વાયદા પરનો કોલ ઓપ્શન ₹30,000/10ગ્રામની સ્ટ્રાઈક પ્રાઈસે ₹150નું પ્રીમિયમ ચૂકવીને ખરીદે છે.

આ સ્થિતિમાં બે પરિદૃશ્ય સંભવ છેઃ

૧) સોનાના ભાવ ₹૩૦,૦૦૦ની નીચે જાય છેઃ

સોનલ તેના ઓપ્શનનો ઉપયોગ કરશે નહીં અને તેથી માત્ર ₹150નું જે પ્રીમિયમ (ગ્રાફનો લાલ ભાગ) તેણીએ ચૂકવ્યું હતું, તેટલા સુધી જ તેણીએ ખોટ સહન કરવી પડશે. આ રકમ માલતીનો લાભ હશે.

૨) સોનાના ભાવ ₹૩૦,૦૦૦ની ઊપર જાય છેઃ

જ્યારે સોનાના ભાવ ₹30,000થી વધે છે, ત્યારે સોનલ ઈન-ધ-મની રહેશે અને તેણીને ₹30,150થી વધારેનો ચોખ્ખો નફો થશે (સ્ટ્રાઈક પ્રાઈસ+પ્રીમિયમ).

ઓપ્શનના ખરીદનાર તરીકે તેણીની નફાકારકતા અસીમિત છે (ગ્રાફનો લીલો ભાગ).

બીજી બાજુ, માલતીને ખોટ જવાની શરૂઆત થાય છે; ₹30,000થી વધુનો ઊંચો ભાવ, ભાવ જેટલો ઊંચો તેટલું તેનું નુકસાન છે.

કોલ ઓપ્શન ખરીદનારનું-પે ઓફ



પુટ ઓપ્શન્સ

સંજય સોનાની જ્વેલરીનો સ્ટોક ધરાવે છે અને આગામી બે મહિનામાં તેને ભાવ ઘટવાનો ભય છે. તેના આ જોખમનું સંચાલન કરવા માટે, તે મનોજ પાસેથી સોનાના વાયદા પરનો પુટ ઓપ્શન ₹29,000/10 ગ્રામની સ્ટ્રાઈક પ્રાઈસે ₹150નું પ્રીમિયમ ચૂકવીને ખરીદે છે.

આ સ્થિતિમાં બે પરિદૃશ્યો સંભવ છેઃ

1) સોનાના ભાવ ₹29,000ની નીચે જાય છે. સંજય સોનાના ભાવ શૂન્ય થઈ જાય ત્યાં સુધી પુટ ઓપ્શન માટે પે-ઓફમાં વૃદ્ધિનો લાભ ઉઠાવશે (ગ્રાફનો લીલો ભાગ).

આથી, તે 10 ગ્રામદીઠ ₹28,850નો મહત્તમ નફો મેળવી શકે છે (સ્ટ્રાઈક પ્રાઈસ માઈનસ (-) ઓપ્શન પ્રીમિયમ).

પુટ ઓપ્શન ખરીદનારનું-પે ઓફ



બીજી બાજુ, મનોજનું નુકસાન સોનાના ભાવ શૂન્ય થઈ જાય ત્યાં સુધી વધતું રહેશે.

2) સોનાના ભાવ ₹29,000ની ઊપર જાય છે. સંજય ઓપ્શનનો ઉપયોગ કરશે નહીં અને તેનું મહત્તમ નુકસાન તેણે ચૂકવેલું ₹150નું પ્રીમિયમ છે (ગ્રાફનો લાલ ભાગ). આ પ્રીમિયમ મનોજનો નફો રહેશે.

આમ, આ બંને ઉદાહરણોથી, તે સ્પષ્ટ થાય છે કે ઓપ્શન ખરીદનાર સંભવિત મોટા ઉછાળાનો, પરંતુ મર્યાદિત ઘટાડાનો મત ધરાવે છે. જોકે, ઓપ્શનના વેચનાર, વિપરીત સ્થિતિનો સામનો કરે છેઃ તેઓ અંડરલાઈંગની ભાવ વધઘટમાં મર્યાદિત વૃદ્ધિ, પરંતુ સંભવિતપણે મોટા ઘટાડાનો મત ધરાવે છે.

(બ્રોકરેજ, કર વગેરે ટ્રેડિંગને લગતા ખર્ચ ઉપર દર્શાવેલા ઉદાહરણોમાં અવગણવામાં આવ્યા છે.)

કોમોડિટી ઓપ્શન ટ્રેડિંગની સુવિધાવાળા



કેટલીક લોકપ્રિય ઓપ્શન્સ

સ્ટ્રેડલઃ

- એકસમાન અંડરલાઇંગ, સ્ટ્રાઈક પ્રાઈસ અને સમાપ્તિ તારીખના એક પુટ અને એક કોલની એકસાથે ખરીદી.
- ભાવમાં વ્યાપક વધઘટની અપેક્ષાના સમયે વપરાય, પરંતુ વધઘટની દિશાથી અજાણ.

સ્ટ્રેન્ગલઃ

- એકસમાન અંડરલાઇંગ અને સમાપ્તિ તારીખના આઉટ-ઓફ-ધ-મની પુટ અને આઉટ-ઓફ-ધ-મની કોલની એકસાથે ખરીદી.
- જ્યારે અંડરલાઇંગના ભાવ કોઈપણ દિશામાં વ્યાપક રીતે જાય ત્યારે તે શ્રેષ્ઠ રીતે કાર્ય કરે.

કેટલાંક અગ્રણી વૈશ્વિક એક્સચેન્જો



ટ્રેડિંગ વ્યૂહરચનાઓ

બુલ કોલ સ્પ્રેડઃ

- એક ચોક્કસ સ્ટ્રાઈક પ્રાઈસે કોલ ઓપ્શન ખરીદવો અને સાથે-સાથે સમાન અંડરલાઈંગ અને સમાપ્તિ મહિનાની ઊંચી સ્ટ્રાઈક પ્રાઈસે કોલ ઓપ્શનનું વેચાણ કરવું.
- જ્યારે કોઈ સાધારણ તેજીનો મત ધરાવતું હોય ત્યારે વપરાય.

બેર પુટ સ્પ્રેડઃ

- ચોક્કસ સ્ટ્રાઈક પ્રાઈસ પર પુટ ઓપ્શનની ખરીદી અને સાથે-સાથે સમાન અંડરલાઈંગ અને સમાપ્તિ મહિનાની નીચી સ્ટ્રાઈક પ્રાઈસે પુટ ઓપ્શનનું વેચાણ કરવું.
- જ્યારે કોઈ સાધારણ મંદીનો મત ધરાવતું હોય ત્યારે વપરાય.

FLEXIBILITY JUST ENTERED THE MARKET



OPTIONS ARE HERE

MCX
METAL & ENERGY
Trade with Trust

MCX INVESTOR (CLIENT) PROTECTION FUND

પ્રકાશકઃ એમસીએક્સનો રિસર્ચ વિભાગ
ડિઝાઈનઃ એમસીએક્સની ગ્રાફિક્સ ટીમ, કોમ્યુનિકેશન્સ વિભાગ
કોર્પોરેટ સરનામું
મલ્ટી કોમોડિટી એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ
એક્સચેન્જ સ્કવેર, સુરેન રોડ, ચકાલા, અંધેરી (પૂર્વ), મુંબઈ-400 093, ભારત,
ફોન નં. 91-22-6731 8888, સીઆઈએનઃ L51909MH2002PLC135594,
info@mcxindia.com, www.mcxindia.com

મલ્ટી કોમોડિટી એક્સચેન્જ ઈન્વેસ્ટર (ક્લાયન્ટ) પ્રોટેક્શન ફંડ દ્વારા જાહેર હિતમાં જારી

©MCX 2018. All rights reserved. No part of this document may be reproduced, or transmitted in any form, or by any means - electronic, mechanical, photocopying, recording, scanning, or otherwise - without explicit prior permission of MCX.

Follow us @MCXIndialtd